દાખલ તારીખ : ૨૦-૧૧-૨૦૨૫
રજીસ્ટર તારીખ : ૨૦-૧૧-૨૦૨૫
ફેસલ તારીખ : ૩૦-૦૩-૨૦૨૬
સમયગાળો : વર્ષ-માસ-દિવસ

સત્યમેવ જયતે

**ધોરાજીના પ્રિન્સીપાલ સીનીયર સિવિલ જજશ્રીની કોર્ટમાં,**

**મું. ધોરાજી.**

**દિ.પ.અ.નં.૭૪/૨૦૨૫**
**આંકઃ-**

અરજદારઃ- ૧. સામંતભાઈ ભુરાભાઈ પરમાર
(પ્રતિવાદી નં.૨) ઠે. ઝાંઝરડા રોડ, વિષ્ણુ કોલોની, મહેશનગર,
રે. જુનાગઢ

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- કીશોરભાઈ ભીખાભાઈ રામાણી
(વાદી) ઠે. તેજાભકતની જગ્યા પાસે,
રે. ધોરાજી, જીલ્લો : રાજકોટ
(પ્રતિવાદી નં.૧) જમનાદાસ કુરજીભાઈ રૂપાપરા
ઠે. ખરાવાડ પ્લોટ, રે. ધોરાજી
(પ્રતિવાદી નં.૩) રવજીભાઈ નારણભાઈ દોંગા
ઠે.એકતા એપાર્ટમેન્ટ, બ્લોક નં.૪૦૩, બંસીધર સ્કુલની બાજુમાં, બેંક ઓફ બરોડાની સામે, રે.જુનાગઢ

બાબતઃ- **સી.પી.સી. ઓર્ડર-૧૫ રૂલ-૨ મુજબ...**

==================================================

અરજદાર પક્ષે :- વિ. વ.શ્રી કે. એમ. પારેખ

સામાવાળા પક્ષે :- વિ. વ.શ્રી એ. એમ. પટેલ

==================================================

## -// <u>ચુકાદો</u> //-

(૧) અરજી વંચાણે લીધી. હાલની અરજી આ કામનાં પ્રતિવાદી નં.૨ તરફે રજુ કરી જણાવેલ છે કે, આ કામની સુધારેલ દાવા અરજીની નોટીસ તેઓને બજેલી છે. અગાઉ પક્ષકારો જોડવાની નોટીસ આપી હોય તે તેઓનાં ધ્યાનમાં નથી અને હાલનાં દાવાનું મથાળુ જોવામાં આવે તો ''કરારનું વિશિષ્ટ પાલન કરાવી કન્વેયન્સ કરાવી આપવા તથા ડેકલેરેશન તથા કાયમી મનાઈ હુકમ મળવા અંગે'' આ પ્રકારનું છે ને સુધારેલ દાવા અરજીની પારા-૬ ની દાદ જોવામાં આવે તો આ દાદ માત્રને માત્ર પ્રતિવાદી નં.૧ સામેની દાદ છે, તેઓની સામે કોઈ દાદ નથી. વધુમાં જણાવેલ છે કે, આ કામમાં બે પ્રકારનાં દાવાની દાદ છે તેમ માની શકાય (૧) કરાર પાલન કે જે કરાર વાદીએ તેઓની સાથે કર્યા નથી. તેઓની સામે કોઈ કરાર હોય તેવું પક્ષ નિવેદન નથી કે વાદીનો એવો કોઈ કેસ પણ નથી. તેઓની સમજ પ્રમાણે કરાર પાલન અને કાયમી મનાઈ હુકમ કોન્ટ્રાડીકટરી દાદ છે, તે સાથે માંગી શકાય નહીં અને માંગવામાં આવે તો તે અપાવી શકાય નહીં. આ તમામ હકીકત સામે જોવામાં આવે તો તેઓની પાસે દાવાવાળી જમીનનો માલીકી કબજો કે ભોગવટો હાલના સંજોગોમાં નથી, તેઓની ભુલ પ્રમાણે આ જમીન વેચવા અંગે, વચગાળાનો કે કાયમી મનાઈ હુકમ અપાયાનું બનેલું નથી, આવા સંજોગોમાં ડેકલેરેશન તથા મનાઈ હુકમની દાદ તેઓની સામે માંગવા કે મેળવવા વાદીને હકક, સત્તા કે અધિકાર નહીં હોવાનું જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે, તેઓને પક્ષકાર તરીકે જોડવાની નોટીસ ધ્યાનમાં આવેલ નહીં આથી આ રજુઆત તેઓ અગાઉ કરી શકેલ નહીં પરંતુ હાલનાં કિસ્સામાં જોવામાં આવે તો આ દાવામાં કુલ ત્રણ પ્રતિવાદી છે અને તે પૈકી પ્રતિવાદી નં.૨ સાથે વાદી

વચ્ચે કાયદાથી કે હકીકતના કોઈ મુદ્દા જ નથી તો તેઓની સામે આ કેઈસ ચાલવા પાત્ર નથી તેમ જણાવેલ છે. જેથી હાલની અરજી લાવી અરજ કરેલ છે કે, આ કેસમાં તેઓની સામે કાયદાનો કે હકીકતોનો મુદ્દો જ ન હોય તેઓને આ દાવામાંથી પક્ષકાર તરીકે મુકત કરવા અને આ અંગેનું આનુસાંગીક એવી હરકોઈ દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) સદર કામે વાદી તરફે હાલની અરજી અન્વયે આંક–૧૦૪ થી વાંધા સાથે લેખિત દલીલ રજુ કરેલ છે જેમાં તેઓ દ્વારા દલીલ કરી જણાવવામાં આવેલ છે કે, આ કામનાં અગાઉ વાદીએ પ્રતિવાદી નં.૨ સામંત ભુરા પરમાર તથા પ્રતિવાદી નં.૩ રવજી નારણ દોંગાને પ્રતિવાદી તરીકે દાવામાં પક્ષકાર તરીકે જોડવા માટે ઓર્ડર–૧ રૂલ–૧૦ મુજબની અરજી તા.૦૩/૦૫/૨૦૧૪ ના રોજ દાખલ કરેલ હતી. ત્યારબાદ પ્રતિવાદીને નોટીસ કરવામાં આવેલ હતી અને સદરહું નોટીસ પ્રતિવાદી નં.૨ સામંત ભુરા પરમારને આંક–૩૫ થી બજાવવા મોકલેલ, સદરહું નોટીસ પ્રતિવાદી નં.૨ ના પુત્ર વિશુભાઈ સામંતભાઈ પરમારને બજાવવામાં આવેલ છે. સદરહું નોટીસ કાયદા મુજબ પ્રતિવાદીને બજી ગયેલ ગણાય, તે નોટીસમાં તેનાં પુત્રએ સહી કરીને સ્વીકારેલ છે એટલે નોટીસ મળેલ નથી તે વાત પ્રતિવાદી નં.૨ ની હાલ ટકતી નથી કે ટકવા લાયક પણ નથી. પ્રતિવાદીની આંક–૯૮ ની અરજી પેરા–૧ માં પણ સુધારેલ અરજીની નોટીસ બજેલની હકીકતનો સ્વીકાર કરેલ છે. તેથી નોટીસ બજેલ નથી તે હકીકત માની શકાય તેમ નથી અને નોટીસ મળ્યા બાદ પ્રતિવાદીઓ હાજર રહેલ નથી કે કોઈ વાંધા–જવાબ લીધેલ નથી અને કુટુંબનાં પુખ્ત વયનાં પુરૂષને નોટીસ બજેલ હોય તો તે કાયદેસરની બજવણી થયેલ

ગણાય, જે આંક–૩૫ ની નોટીસમાં જોઈ શકાય છે. ત્યારબાદ વાદીને તથા પ્રતિવાદીઓને સાંભળીને નામ. કોર્ટે પક્ષકાર જોડવાની તેઓની અરજી મંજુર કરેલ છે તથા પ્રતિવાદી નં.૨ તથા નં.૩ ને પ્રતિવાદી તરીકે જોડવાનો હુકમ કરેલ છે અને સદરહું હુકમ મુજબ તેઓએ ટાઈમ લીમીટમાં એટલે કે સમય મર્યાદામાં પક્ષકારોને કોર્ટનાં રેકર્ડમાં જોડી આપેલ છે અને હવે તેને જોડવા સામે વાંધો હોય તો આ જ કોર્ટનાં હુકમને રદ કરવા માટે ઉપરની કોર્ટમાં જવું પડેલ માત્ર ઓર્ડર–૧૫ રૂલ–૨ મુજબની અરજીથી એક વાર જોડાયેલ પક્ષકારને ફરી ડીલીટ કરી શકાય નહીં તેમ જણાવેલ છે. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, પ્રતિવાદીએ પારા–૧ માં તેઓની સામે દાદ નથી પરંતુ પ્રતિવાદી નં.૧ ની સામે દાદ છે તેવું જણાવેલ છે તેમજ પેરા–૨ માં વધુ જણાવેલ છે કે તેઓની સામે વાદીએ કરાર કરેલ નથી, કોન્ટ્રાકટરી દાદ છે તે અપાવી શકાય નહીં. દાવાવાળી જમીનનો માલીકી જમીનનો કબજો અને ભોગવટો હાલનાં સંજોગોમાં નથી પરંતુ તેઓએ આ કામમાં પ્રતિવાદી ૧ સામે કરારનું પાલન કરવા કન્વેનીયન્સ કરી આપવા મનાઈ હુકમ મેળવેલ છે અને પ્રતિવાદીએ જે ઓર્ડર–૧૫ રૂલ–૨ મુજબ ડીલીટ કરવાની અરજી કરેલ છે તેમાં જણાવેલ હકીકત હાલ પુરાવાનો વિષય છે. પ્રતિવાદી નં.૨ એમ કહેતા હોય કે, તેઓને પક્ષકાર તરીકે જોડવાની નોટીસ ધ્યાનમાં આવેલ નથી, આવી હવામાં ઉડતી વાતો લઈ માત્ર કેસ લંબાવવા માટેની અરજી કરેલ છે અને માત્ર પોસ્ટ ઓફીસમાં ડબ્બામાં ટપાલ નાંખેલ હોય તેમ ઓર્ડર–૧૫ રૂલ–૨ ની અરજી ફાઈલ કરી કેસ લંબાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે તે માફ કરી શકાય તેમ નથી આથી પ્રતિવાદી નં.૨ તરફથી આપવામાં આવેલ આંક–૯૮ ની અરજી રદ કરવા અરજ કરેલ છે. વધુમાં દલીલમાં જણાવેલ છે કે આ કામનાં

પ્રતિવાદી નં.૧ નાએ ચાલતા કામે સદરહું જમીન પ્રતિવાદી નં.ર સામતભાઈ ભુરા પરમારને વહેંચી નાખેલ અને પ્રતિવાદી નં.ર એ પ્રતિવાદી નં.૩ રવજીભાઈ નારણ દોંગાને વહેંચી નાંખેલ છે અને વાદી પ્રતિવાદી નં.૧ પાસેથી શુધ્ધ બુધ્ધીથી ખરીદનાર વ્યકિત હોવાનું જણાવેલ છે. વધુમાં દલીલમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં.ર નાએ સદરહું જમીન વહેંચી નાંખ્યા બાદ પ્રતિવાદી નં.૩ નાએ એટલે કે રવજીભાઈ નારણભાઈ દોંગાએ સદરહું જમીન પોતાના નામે કરી આપવા માટે ધોરાજી તલાટી ગ્રુપ–૧, ઈ–ધરા હકક પત્રકમાં નોંધ દાખલ કરવા અરજી કરેલ અને તેમની અરજી સામે વાદીએ વાંધા અરજી કરતાં નામ. મામલતદાર કોર્ટે તકરાર કેસ નં. ૯/૨૦૧૪ નોંધ નં.ર૮૬ર તા.૧૫/૦૪/૨૦૧૪ નાં રોજની તા.ર૦/૦૮/૨૦૧૪ નાં રોજ પક્ષકારોને સાંભળી નામ. મામલતદાર કોર્ટે નામંજુર કરેલ. તેની સામે પ્રતિવાદી નં.૩ નાએ ડેપ્યુટી કલેકટર સાહેબની કોર્ટમાં અપીલ દાખલ કરેલ તે અપીલ પણ નામંજુર કરેલ અને મામલતદાર સાહેબનાં હુકમને કાયમ રાખેલ છે. તેની સામે પ્રતિવાદી નં.૩ રવજીભાઈ નારણભાઈ દોંગાએ કલેકટર સાહેબ–રાજકોટની કોર્ટમાં અપીલ દાખલ કરેલ સદરહું અપીલ અરજી નામંજુર (રીજેકટ) કરવામાં આવેલ. વધુમાં દલીલમાં જણાવેલ છે કે વાદી સદરહું પ્રતિવાદીઓ સામે કાયદેસર લડત કરી હુકમ મેળવેલ હોય અને નામ. ત્રણેય કોર્ટને પુરાવાથી વાજબી લાગેલ હોય તેઓનો કેસ મજબુત હોય જેથી પ્રતિવાદી નં.ર સામંતભાઈ ભુરા પરમારની ઓર્ડર–૧૫ રૂલ–ર ની આંક–૯૮ ની અરજી રદ કરવા અરજ કરેલ છે અને દલીલ ધ્યાને લઈ તેઓને ખોટી રીતે હેરાન–હાલક કરેલ હોય, તેઓએ સી.પી.સી. કલમ–૯૫ અન્વયે હેવી કોસ્ટ અપાવવા અરજ કરેલ છે.

(૩) સદર અરજીના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલા છે.

**–:: મુદ્દા ::–**

(૧) શું અરજદાર અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?

(૨) શું હુકમ ?

(૪) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**// કારણો //**

**મુદ્દા નં. ૧ ની ચર્ચાઃ–**

(૫) હાલની અરજી વંચાણે લીધી તેમજ અરજી લગત દલીલો સાંભળી તથા લેખિત દલીલ વંચાણે લીધી.

સદર અરજીનાં કામે કોડ ઓફ સિવિલ પ્રોસીજર, ૧૯૦૮ નાં ઓર્ડર–૧૫ રૂલ–ર ની જોગવાઈઓ ઘ્યાને લેવામાં આવે તેમાં જણાવ્યા મુજબ:

**ORDER XV**

**Disposal of the Suit at the first hearing**

**2.** One of several defendants not at issue.—

**1[(1)** Where there are more defendants than one, and any one of the defendants is not at issue with the plaintiff on any question of law or of fact, the Court may at once pronounce judgment for or against such defendant and the suit shall proceed only against the other defendants.]

**2[(2)** Whenever a judgment is pronounced under this rule, decree shall be drawn up in accordance with such judgment and the decree shall bear the date on which the judgment was pronounced.]

પ્રતિવાદી નં.૧ નાં વિ.વ.શ્રી એ. જી. કાપડીયા નાઓએ સદર અરજી લગત યોગ્ય હુકમ ફરમાવવા દલીલ કરેલ છે. જયારે પ્રતિવાદી નં.૨ તરફે વિ.વ.શ્રી કે. એમ. પારેખ નાઓએ તેઓની હાલની અરજી અન્વયે કરવામાં આવેલ મૌખિક દલીલમાં જણાવેલ છે કે, વાદીએ સુધારેલી દાવા અરજીનાં પારા–૬ થી જે દાદ માંગેલી છે માત્ર પ્રતિવાદી નં.૧ સામેની દાદ છે અને પ્રતિવાદી નં.૨ સામે કોઈ દાદ નથી. વધુમાં જણાવેલ છે કે, હાલનાં દાવામાં બે પ્રકારની દાદ છે જેમાં એક કરાર પાલનની દાદ છે જે કરાર વાદીએ પ્રતિવાદી નં.૨ સાથે કરેલ નથી અને તેવું કોઈ પક્ષ નિવેદન નથી કે વાદીનો તેવો કોઈ કેસ નહીં હોવાનું જણાવેલ છે અને કરાર પાલન અને કાયમી મનાઈ હુકમ કોન્ટ્રાડીકટરી દાદ છે તે એક સાથે માંગી શકાય નહીં અને માંગવામાં આવે તો અપાવી શકાય નહીં, તેમની પાસે દાવાવાળી જમીનની માલિકી, કબજો કે ભોગવટો નથી અને તેઓની ભુલ પ્રમાણે આ જમીન વેચવા અંગે આ જમીન વેચવા અંગે વચગાળાનો કે કાયમી હુકમ અપાયાનું બનેલું નથી. વધુમાં જણાવેલ છે કે તેઓને પક્ષકાર તરીકે જોડવાની નોટીસ ધ્યાનમાં આવેલ નહીં જેથી તેઓ તે સમયે રજુઆત કરી શકેલ નહીં, પરંતુ હાલનાં કિસ્સામાં ત્રણ પ્રતિવાદીઓ પૈકી પ્રતિવાદી નં.૨ સાથે વાદી વચ્ચે કાયદાથી હકીકતના કોઈ મુદ્દા જ ન હોય પ્રતિવાદી નં.૨ સામે આ કેસ ચલાવાપાત્ર ન હોય તેઓની હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

સદર અરજી લગત વાદી તરફે તેઓનાં વિ.વ.શ્રી એ. એમ. પટેલ દ્વારા આંક–૧૦૪ થી લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે જેમાં જણાવ્યા મુજબ પ્રતિવાદી નં.૨ ને આંક–૩૫ ની નોટીસ બજાવવા માટે મોકલેલ જે નોટીસની બજવણી તેઓનાં પુત્ર વિશુભાઈ સામંતભાઈ પરમારને કરવામાં આવેલ જેથી કાયદા મુજબ તેઓને નોટીસ બજી ગયેલ છે જેથી નોટીસ મળેલ નથી તે પ્રતિવાદી નં.૨ ની વાત ટકી શકે નહીં અને તેઓએ આંક–૯૮ ની હાલની અરજીમાં પણ સુધારેલી દાવા અરજીની નોટીસ તેઓને બજેલની હકીકતનો સ્વીકાર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે આંક–૩૫ ની નોટીસ બજી જતાં તેઓ અત્રેની કોર્ટ રૂબરૂ હાજર રહેલ નથી જેથી અત્રેની કોર્ટે તેઓને પ્રતિવાદી નં.૨ તરીકે જોડવાનો હુકમ ફરમાવેલ છે. જેથી તેઓને પ્રતિવાદી તરીકે જોડવા સામે વાંધો હોય તો નામદાર ઉપરની કોર્ટમાં જવું પડેલ માત્ર ઓર્ડર–૧૫ રૂલ–૨ મુજબની અરજીથી એકવાર જોડાયેલ પક્ષકાર ફરી ડીલીટ કરી શકાય નહીં. જેથી હાલની અરજી ફાઈલ કરી કેસ લંબાવવાનો પ્રયત્ન કરેલ છે. વાદી પ્રતિવાદી નં.૧ પાસેથી શુધ્ધ બુધ્ધીથી ખરીદનાર છે તેમજ પ્રતિવાદી નં.૧ નાએ ચાલતા કામે સદરહું જમીન પ્રતિવાદી નં.૨ સામંતભાઈ ભુરાભાઈ પરમારને વેંચી નાંખેલ છે અને તેઓએ પ્રતિવાદી નં.૩ રવજીભાઈ નારણભાઈને વેંચી નાંખેલ છે. પ્રતિવાદી નં.૩ નાએ સદરહું જમીન પોતાનાં નામે કરી આપવા માટે ધોરાજી તલાટી ગ્રુપ–૧, ઈ–ધરા હકકપત્રકમાં નોંધ દાખલ કરવા અરજી કરેલ જે અરજી સામે વાદીએ વાંધા અરજી કરતાં નામ. મામલતદાર કોર્ટે તે કેસ નામંજુર કરેલ જે સામે પ્રતિવાદી નં.૩ નાએ ડેપ્યુટી કલેકટરની કોર્ટમાં અપીલ દાખલ કરેલ જે અપીલ પણ નામંજુર કરવામાં આવેલ અને ત્યારબાદ તેઓએ કલેકટર સાહેબ, રાજકોટની કોર્ટમાં અપીલ દાખલ

કરેલ તે અપીલ અરજી નામંજુર કરવામાં આવેલ આમ સદર ત્રણે કોર્ટે પ્રતિવાદી નં.૩ ની અરજી અપીલો નામંજુર કરેલ હોય હાલની અરજી રદ કરવા અરજ કરેલ છે.

વધુમાં, પ્રતિવાદી નં.૩ નાએ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહી સદર અરજી લગત કોઈ જવાબ રજુ કરેલ નથી કે કોઈ દલીલ કરેલ નથી.

હાલનાં કામે પ્રતિવાદી નં.૨ તરફે જે કોડ ઓફ સિવિલ પ્રોસીજર, ૧૯૦૮ ના ઓર્ડર-૧૫ નિયમ-૨ મુજબ જે ડીલીટ કરવા માટે અરજી આપેલ છે અને તેમાં જણાવેલ હકીકતો ધ્યાને લેતાં તે પર્યાપ્ત ન હોવાનું પ્રથમદર્શનિય રીતે અત્રેની અદાલતને જણાઈ આવે છે. વધુમાં, જો આ કામનાં વાદીનો આંક-૧૦૪ થી જે દલીલ રજુ થયેલ છે તેને વંચાણે લેવામાં આવે તો તેઓએ પુરતાં અને વિગતવારનાં ખુલાસા કરેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. જેમાં વિગતવાર રીતે કઈ રીતે પ્રતિવાદી નં.૨ ની અરજી મંજુર થવા પાત્ર ન હોવાનું પણ જણાવેલ છે. સદર અરજી લગત વિશેષ બાબત એવી છે કે તા.૦૩/૦૫/૨૦૧૪ ના રોજ સદર કામનાં પ્રતિવાદી નં.૨ ને જોડવા માટે એક અરજી મંજુર થયેલ જે આધારે હાલનાં કામનાં પ્રતિવાદી નં.૨ નાઓ રેકર્ડ પર આવેલ છે અને ખુદ પ્રતિવાદી નં.૨ નાઓએ જે તેઓની હાલની અરજીમાં પોતાની જાતને ડીલીટ કરવા માટે જણાવેલ છે તેનાં માટે કોઈ પર્યાપ્ત કારણો દર્શાવેલ હોવાનું રેકર્ડ પર આવેલ નથી. આમ, વાદીની આંક-૧૦૪ ની દલીલો ધ્યાને લેતાં અત્રેની અદાલતને પ્રતિવાદી નં.૨ ની હાલની અરજી ટકવાપાત્ર હોવાનું જણાઈ આવતું નથી. જેથી મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમાં'' આપી મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// <u>આ ખ રી હુ ક મ</u> //-**

- પ્રતિવાદી નં.૨ ની અરજી આથી "**નામંજુર**" કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૩૦/૦૩/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**ધોરાજી.**
(જજ કોડ- જીજે૦૧૨૫૮)